- **મૂલ્યાંકન :** ધો. ૭ ના વિદ્યાર્થીઓના સાદી વ્યાખ્યાન પદ્ધતિ સારા અભ્યાસ કરાવતા વર્ગમાં બધાજ વિદ્યાર્થીઓ સરખી રીતે ન્યાય અને સમજ મેળવી શકતા ન હતા, જેથી પૂર્વ કસોટીમાં સાદી વ્યાખ્યાન પદ્ધતિનું પરિણામ ૬૦% મળ્યું હતું. જયારે શૈક્ષણિક ઉપકરણોની પદ્ધતિ દ્વારા એ જ નકશાનો અભ્યાસ કરાવ્યો ત્યારબાદમાં ઉત્તર કસોટી લેવામાં આવી જેમા પરિણામ ૯૯% મળ્યું છે.
- **તારણ પરિણામ :**

૧. શૈક્ષણિક ઉપકરણ પદ્ધતિ વડે શિક્ષણ આપવામાં આવ્યા પછી વિદ્યાર્થીઓમાં નકશાની સમજણ અને કુશળતા વધારે સારી થઇ.

૨. વિદ્યાર્થીઓની પ્રગતિ, રસ અને સ્મૃતિમાં સુધારો જોવા મળ્યો છે.

૩. સાદી વ્યાખ્યાન પદ્ધતિમાં કેટલીક બાબતો વિદ્યાર્થી ભૂલી ગયા.

૪. પ્રયોગ જૂથમાં વિદ્યાર્થીઓ વધુ ઉત્સાહથી ભાગ લીધો.

૫. વિદ્યાર્થીઓએ સહેલાઇથી દિશા પ્રતીકો ઓળખી લીધા.

**Time Management is Life Management**

- **અનુકાર્યો :**

૧. શિક્ષણમાં શૈક્ષણિક ઉપકરણોનો નિયમિત ઉપયોગ કરવામાં આવતો, નકશાનો અભ્યાસ સરળ અને રસપ્રદ બને છે.

૨. શાળામાં પૂરતી સુવિધા ઉપલબ્ધ હોવી જોઇએ, જેમકે નકશા, ચાર્ટ, ગ્લોબ, ટીવી, પ્રોજેકટર વગેરે.

૩. ભવિષ્યમાં આગળના ધોરણમાં પણ આ પદ્ધતિનો ઉપયોગ કરવો જોઇએ.

- **ભવિષ્યનાં સુચનો :**

૧. ધો. ૫ થી ૧૦ સુધી નકશા અભ્યાસ સમાન પ્રયોગો કરવા.

૨. નવી ટેકનોલોજી દ્વારા નકશા શિક્ષણની અસરકારકતા તપાસવી.

૩. શિક્ષક તાલિમ અને માર્ગદર્શન, વર્કશોપ વિકસાવવાની ભલામણ કરે.

૪. ૬ થી ૧ વર્ષ બાદ સંશોધનના પ્રભાવની અસર જાણવા મળે.

**Time Management is the ability to plan and control how time is spent on activities to increase efficiency and productivity**

**અનુભવ :** પ્રારંભમાં મેં થોડી ચિંતા અને ઉત્સુકતા અનુભવી કે, ધો.૭ ના વિદ્યાર્થીને નકશાની સમજણ કેવી રીતે આપી શકાય. શૈક્ષણિક ઉપકરણોથી શીખવાડવા માટે મને ઉત્સાહ હતો. અને વિદ્યાર્થીઓના અનુભવ પણ રસપ્રદ રહ્યો. કસોટી દરમ્યાન એવુ જાણવા મળ્યું કે શૈક્ષણિક ઉપકરણ પદ્ધતિ વધુ અસરકારક છે.

**ઉપસંહાર :** મારો અનુભવ શ્રેષ્ઠ રહ્યો. દિશા, પ્રતીકો નકશા દોરવાની કુશળતા વિકસાવી શકાય . શીખવાની પ્રક્રિયા રસપ્રદ અને મજેદાર બની. બંને પદ્ધતિઓનું સંયોજન શ્રેષ્ઠ પરિણામ આપે છે. અંતે

**‘‘ખુદી કો કર બુંલદ ઇતના કી, હર તકદીર સે પહલે, ખુદા બંદેસે ખુદ પૂછે, બતા તેરી રઝા કયા હૈ.’’**

---



## વિષય : ધો.૬ ના ગણિત વિષયમાં સૌથી વધુ કઠિનતા માટેનાં કારણો અને ઉપાયો આધારિત શિક્ષણ કાર્યની અસરકારકતાનો અભ્યાસ.

**ભાવસાર હીના .જે.**
(મ. શિક્ષક-ઉ.પ્રા.વિભાગ)

**પ્રસ્તાવના :** શિક્ષણ એ માનવજીવનનો આધાર સ્તંભ છે. આજના જ્ઞાન-પ્રધાન યુગમાં વિજ્ઞાન અને ટેકનોલોજીની પ્રગતિ સાથે સાથે ગણિતનું મહત્વ સતત વધતું રહ્યું છે. ગણિત એ એવો વિષય છે જે બાળકોમાં તાર્કિકતા, વિશ્લેષણ શક્તિ, સર્જનાત્મકતા અને સમસ્યા-સમાધાનની ક્ષમતા વિકસાવે છે.

- **વિષયની પસંદગી શા માટે કરી ?**

ગણિત વિષયમાં કઠિનતા ધો. ૬ એ પ્રાથમિક માંથી માધ્યમિક શિક્ષણ તરફનું પરિવર્તન છે. આ કક્ષાએ બાળકોને નવા અધ્યાય, સૂત્રો, સરખામણીઓ, ભૂમિતી જેવા ખંડોમાં મુશ્કેલી પડે છે. ઘણી વાર ગણિતની ભીતિ સર્જાય છે, જેના કારણે બાળકો આગળના ધોરણોમાં પણ ગણિતથી દૂર ભાગે છે. શૈક્ષણિક મહત્વ જો શરૂઆતના ધો. ૫ માં કઠિનતાઓ ઓળખી યોગ્ય ઉપાયો કરવામાં આવે તો બાળકોનું ગણિત વિષય પ્રત્યેનો રસ વધે છે.